જન્મદિને વધામણી

કમલેશ
ત્રિલોકસિંહ ખનાયત
મો. ૯૭૨૩૪ ૯૬૧૪૮

અરવલ્લી જિલ્લા એલસીબી ટીમે ટોરડા ગામ નજીક અલ્ટો કારમાંથી વિદેશી દારૂ ઝડપ્યો

ભિલોડા, તા. ૨૭

ભિલોડાના ટોરડા ગામ નજીકથી અરવલ્લી જીલ્લા એલ.સી.બી. ઇન્ચાર્જ પી.આઈ. એમ.એચ. સોલંકી અને તેમની ટીમે અલ્ટોકાર (ગાડી જીજે.૩૧.૮૯૦૪)માંથી ગેરકાયદેસર વગર પાસ પરમીટનો વિદેશી દારૂ, બિયર/ક્વાટર ટીન નંગ-૩૨૪ કીં. રૂ. ૭૨૬૦૦નો જથ્થો જપ્ત કરી, કારની કીં. રૂ.૧૫૦૦૦૦ મળી કુલ રૂ.૨૨૨૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરી આગળની તપાસ ભિલોડા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન હેઠળ ગુન્હો નોંધી ફરાર કારચાલકને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

‘આઝાદીની ચળવળમાં દલિતોનું યોગદાન’ : દૂરદર્શન પર વાર્તાલાપ

ગાંધીનગર, તા. ૨૭

‘આઝીદીની ચળવળમાં દલિતોનું યોગદાન’ વિષય પર સામાજિક ન્યાય વિષયના અભ્યાસુ અને ભારતીય વન સેવાના વરિષ્ઠ અધિકારી અશ્વિનભાઈ પરમાર સાથેની નટુભાઈ પરમારે લીધેલ મુલાકાત તા. ૨૮-૧-૨૦૧૯ને બપોરે ૧૨.૩૦ કલાકે ડી.ડી. ગિરનાર-દૂરદર્શન અમદાવાદ પરથી પ્રસારિત થશે.

વાવોલના જલદર્શન ફ્લેટના પાર્કિંગમાં મધરાત્રે ત્રણ વાહનો સળગ્યા..!

જમાઈનું કારસ્તાન હોવાનો સસરાનો આક્ષેપ : ફ્લેટમાં મોડી રાત્રે દોડધામ મચી ગઈ : પડોશીઓએ મળીને આગ ઓલવી

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર નજીક આવેલા વાવોલ ગામના જલદર્શન ફ્લેટના પાર્કિંગમાં મધરાત્રે એકાએક વાહનો સળગવા લાગતા ભારે નાસભાગ મચી જવા પામી હતી. પોલીસ કેસ અને કોર્ટ કેસ ચાલી રહ્યો છે તેવા જમાઈએ ઉશ્કેરાઈને સસરા નું વાહન સળગાવવાનો પ્રયત્ન કર્યો હોવાનો આક્ષેપ થયો છે. જેમાં આજુબાજુમાં પાર્ક કરવામાં આવેલા અન્ય બે પડોશીઓના વાહનો પણ સળગી ગયા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. પડોશીઓએ મળીને રાત્રે પાણીની ડોલ લાવી લાવીને વાહનોમાં લાગેલી આગ બુઝાવી દીધી હતી. સમગ્ર પ્રકરણમાં મામલે સસરાએ પોતાના જમાઈ પર શંકા વ્યક્ત કરતી ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો દાખલ કરીને એફએસએલની મદદ લઈને વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ વાવોલ ગામના જલદર્શન એપાર્ટમેન્ટ માં બે દિવસ અગાઉ રાત્રે એક વાગ્યાના અરસામાં કોઈએ પાર્કિંગમાં પડેલા વાહનોમાં આગચંપી કરી હતી. જલદર્શન એપાર્ટમેન્ટમાં રહેતા કશ્યપભાઈ દિનેશભાઈ દવેએ આપેલી ફરિયાદ મુજબ ૨૫મી જાન્યુઆરીએ રાત્રે ૧૦ વાગ્યે તેઓ તેમના ઘરે પરિવાર સાથે સૂઈ ગયા હતા તે દરમિયાન મોડી રાત્રે એક વાગ્યાના અરસામાં અચાનક બુમાબુમ થઈ ગઈ હતી. નીચે ઉતરીને તેમણે જોયું તો ફલેટના પાર્કિંગમાં વાહનો સળગી રહ્યા હતા જેમાં તેમનું વાહન પણ ભડભડ સળગી રહ્યું હતું અને પડોશીઓ પાણી છાંટી રહ્યા હતા. રાત્રી દરમિયાન કોઈ શખ્સોએ વાહનને આગ ચંપી કરી દીધી હતી. જેમાં કશ્યપભાઈનું વાહન ડ્યુરો તથા તેમના પાડોશમાં રહેતા કેતનભાઇ જયંતીભાઈ પટેલનું બાઈક પ્લેટીના અને બીજા પડોશી વિનોદભાઈનું વાહન એક્સેસ મળીને ત્રણ વાહનો સળગીને ખાખ થઇ ગયા હતા. કશ્યપભાઈ દવેએ સેક્ટર-૭ પોલીસ મથકમાં આ મામલે ફરિયાદ નોંધાવીને પોતાના જમાઈ પર શંકા વ્યક્ત કરી છે. પોતાની દીકરી અને જમાઈ વચ્ચે કેસો ચાલી રહ્યા હોવાથી વાવોલના સિદ્ધાર્થ રેસિડેન્સીમાં રહેતા તેમના જમાઈ મનિષ ત્રીવેદી ઉશ્કેરાયેલા રહે છે અને ધમકી પણ આપે છે તેવી શંકા વ્યક્ત કરી છે અને તે કારણોસર જમાઈએ રાત્રે વાહનો સળગાવ્યા હોય તેઓ તેમને વહેમ છે. આ મામલે પોલીસ મથકમાં ફરિયાદ દાખલ થતાં પોલીસે ગુનો દાખલ કરીને ફોરેન્સિક એક્સપર્ટને બોલાવી અકસ્માતે આગ લાગી હતી કે કોઈએ આગ લગાડી હતી તે સહિતની ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

જાસપુર કેનાલમાં ડૂબેલા બંને વિદ્યાર્થીઓના મૃતદેહ મળ્યા

ત્રણ દિવસથી કેનાલમાં સતત શોધખોળ કરતી એનડીઆરએફની ટીમોએ મૃતદેહ બહાર કાઢ્યા : સાંસદ મોહન કુંડારીયાના ભાણેજ સહિત બે વિદ્યાર્થીઓ સેલ્ફી લેવા જતા કેનાલમાં પડી ગયા હતા

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર નજીક ઉવારસદ ખાતે આવેલી કર્ણાવતી ડેન્ટલ કોલેજ ખાતે અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓ કલોલ તાલુકાના જાસપુર નર્મદા કેનાલ પાસે સેલ્ફી લેવા ઉભા હતા ત્યારે પગ લપસી જતા કેનાલમાં ખાબકી ગયા હતા. કેનાલમાં ડૂબી ગયેલા બન્ને વિદ્યાર્થીઓની ત્રણ દિવસથી શોધખોળ ચાલી રહી હતી દરમ્યાન આજે બંનેના મૃતદેહ એનડીઆરએફની ટીમોએ કેનાલમાંથી બહાર નિકાળ્યા હતા. કેનાલમાં ડૂબેલા બે વિદ્યાર્થીઓ પૈકી એક વિદ્યાર્થી સાંસદ મોહન કુંડારિયાનો ભાણેજ છે.

મળતી વિગત મુજબ સાંસદ મોહન કુંડારિયાનો ભાણેજ અને મુળ મોરબીનો વતની ૨૦ વર્ષિય ધાર્મિન કોસાન્દ્રા તથા તેનો ૧૯ વર્ષિય મિત્ર પ્રીત આદોરજા ત્રણ દિવસ પહેલા કલોલની જાસપુર કેનાલ પાસે સેલ્ફી લેવા જતા અંદર પડી ગયા હતા. ગાંધીનગર નજીક ઉવારસદ ગામે આવેલી કર્ણાવતી ડેન્ટલ કોલેજની હોસ્ટેલમાં રહી બીજા વર્ષમાં અભ્યાસ કરતા બંને મિત્રો તે દિવસે બપોરે અઢી વાગ્યે કલોલ તરફ ગયા હતા. જાસપુર કેનાલ પાસે તેઓ સેલ્ફી લેવા માટે ઉભા રહ્યા હતા, મોબાઈલમાં ફોટા પાડતી વખતે એકનો પગ લપસતા તે કેનાલમાં પડી જતા બીજો તેને બચાવવા કૂદ્યો હતો. જેને પગલે બંને યુવકો ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ઘટનાને પગલે સ્થાનિક ફાયરબ્રિગેડના જવાનોએ શોધખોળ શરૂ કરી હતી. પછી ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમ અને એનડીઆરએફની ટીમને પણ બોલાવી લેવાઈ હતી. જેમાં પાણીમાં બોટ ઉતારીને શોધખોળ કરવા છતા બંનેનો કોઈ પતો લાગતો ન હતો. ત્રણ દિવસથી એનડીઆરએફ અને ફાયરબ્રિગેડ દ્વારા શોધખોળ ચાલતી હતી. દરમ્યાન ભાણેજ ડુબી જવાના સમાચારને પગલે સાંસદ મોહન કુંડારિયા પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ત્રણ દિવસ બાદ આજે ચોથા દિવસે ફાયરબ્રિગેડ અને એનડીઆરએફ દ્વારા કેનાલમાં શોધખોળ દરમ્યાન બંનેનો મૃતદેહ શોધી કઢાયો હતો. એનડીઆરએફની ટીમે બંને વિદ્યાર્થીઓનાં મૃતદેહ બહાર કાઢી પરિવારજનોને સોંપ્યા છે. આ ઘટનાને પગલે બંનેના પરિવારજનોમાં શોકની કાલિમા છવાઈ ગઈ હતી.

એક જ મોડસ ઓપરેન્ડીથી ત્રીજુ મર્ડર વીથ લૂંટ થઈ

સીરીયલ કિલરનો આતંક : શેરથા - ટીટોડા રોડ પર મર્ડર વિથ લૂંટ : રજાના દિવસે સવારના સમયગાળામાં અવાવરૂ જગ્યાએ આધેડને ટાર્ગેટ કરી માથાના પાછળના ભાગે સ્ટાન્ડર્ડ વેપનથી ફાયરિંગ કરીને ફરાર થઈ જતા સીરીયલ કિલરથી ગાંધીનગરમાં ફફડાટ : ગાંધીનગર પાસેના ગ્રામ્ય વિસ્તારના દંતાલી ગામ બાદ કોબા અને હવે શેરથામાં સીરીયલ કિલરે મર્ડર કર્યું: ત્રણેય મર્ડરની મોડસ ઓપરેન્ડી એક સરખી: ચિંતામાં આવી ગયેલી ગાંધીનગર પોલીસ દોડતી થઇ ગઇ

ગાંધીનગર, તા.૨૭

રાજયના પાટનગર ગાંધીનગરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી હોવાનો પુરાવો આપતા કિસ્સા બની રહ્યા છે. ગાંધીનગરને અડીને આવેલા ગ્રામ્ય વિસ્તારમાં બિન્દાસ્તપણે એક સીરીયલ કિલર ફરી રહ્યો છે જે સ્ટાન્ડર્ડ વેપન પિસ્તોલની મદદથી અવાવરુ જગ્યાએ ખેતર આસપાસના વિસ્તારમાં કોઈપણ આધેડને ટાર્ગેટ કરીને તેના માથાના પાછળના ભાગે ફાયરિંગ કરી તેની હત્યા કરી નાખ્યો છે. આ કિલર દ્વારા પહેલા દંતાલી ગામમાં આધેડ વયનાં એક ભરવાડની હત્યા કરવામાં આવી હતી. ત્યારબાદ તાજેતરમાં જ કોબા પાસે એક આધેડ વેપારીની હત્યા કરવામાં આવી હતી. અને હવે પ્રજાસત્તાક દિવસની રજાના દિવસે શેરથા-ટીટોડા રોડ ઉપર એક અવાવરુ ખેતર પાસે નાળીયામાં વધુ એક આધેડની હત્યા કરવામાં આવી છે. ત્રણેય હત્યા એક જ કિલર દ્વારા કરવામાં આવી હોવાની થિયરીને સમર્થન મળી રહ્યું છે કેમ કે ત્રણેય હત્યામાં ગુનાની મોડેસ ઓપરેન્ડી એક સરખી જોવા મળી રહી છે. કિલર દ્વારા ગાંધીનગર પાસેના ગ્રામ્ય વિસ્તારમાં અવાવરૂ ખેતર જેવું સ્થળ પસંદ કરવામાં આવ્યું છે. જેની હત્યા કરવામાં આવી તે ત્રણેય આધેડ વયના છે. ત્રણેયની હત્યા કરવા માટે સવારના ૮ થી ૧૦ નો જ સમય પસંદ કરવામાં આવ્યો છે. તે ઉપરાંત ત્રણેય ની હત્યા જાહેર રજાના દિવસે કરવામાં આવી છે. એટલું જ નહીં ત્રણેયની હત્યા માથાના પાછળના ભાગે ફાયરિંગ કરીને ગોળી મારીને કરવામાં આવી છે અને આ ગોળી સ્ટાન્ડર્ડમાંથી છૂટી હોવાનું એફ.એસ.એલ નિષ્ણાતોનું માનવું છે. એટલે કે હત્યા માટે વપરાયેલ હથીયાર પિસ્તોલ પણ એક જ હોવાનું મનાઈ રહ્યું છે. ગાંધીનગરમાં બિન્દાસ્તપણે ફરી રહેલા આ સીરીયલ કિલરે પોલીસની ઉંઘ હરામ કરી નાખી છે. આ સિરિયલ કિલર સાઈકો કિલર નીકળે તો પણ નવાઈ નહીં. જેને પગલે જલ્દીથી જલ્દી આ કિલર પકડાઈ જાય તેવી મહેનત પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે. પરંતુ એ વાત પણ નોંધનીય છે કે ત્રણેય હત્યામાં પોલીસને એક પણ સુરાગ મળ્યો નથી કે કિલર સુધી પહોંચી શકે તેવી કોઈ કડી મળી નથી. લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમો પણ આ કિલર સુધી પહોંચવા દોડતી થઈ ગઈ છે.

મળી રહેલી માહિતી મુજબ અડાલજ પાસે આવેલા દંતાલી ગામમાં માથાના પાછળના ભાગેથી ફાયરિંગ કરીને થયેલી હત્યા બાદ તાજેતરમાં કોબા પાસે એક વેપારીની આ જ મોડસ ઓપરેન્ડીથી હત્યા થઈ હતી. ત્યારબાદ હવે ગઈ કાલે પ્રજાસત્તાક દિવસની સવારે આ જ મોડસ ઓપરેન્ડીથી શેરથા-ટીંટોડા રોડ પર એક આધેડની હત્યા થવા પામી હતી. શેરથા ગામ ના મોટા વાસમાં રહેતા ૪૫ વર્ષિય જુઠાજી મગનજી ઠાકોર શેરથા ટીટોડા રોડ ઉપર એક ખેતર ભાડે રાખીને ત્યાં ખેતી કરાવતા હતા. ગઈ કાલે સવારે તેઓ પોતાનું વાહન લઈને ખેતર તરફ જઈ રહ્યા હતા ત્યારે આ રોડ ઉપર ના એક અવાવરૂ સરકારી નાળીયા પાસે તેઓ કુદરતી હાજત જવા ઉભા રહ્યા હતા. તે દરમિયાન પાછળથી સીરીયલ કિલરે તેને ટાર્ગેટ કરીને માથાના પાછળના ભાગે ફાયર કરી ગોળી મારીને હત્યા કરી નાખી હતી. જુઠાજીની હત્યા કરીને આ કિલરે તેમણે પહેરેલા સોનાના દાગીના લૂંટી લીધા હતા. સોનાની વીંટીઓ અને ચેન સહિત ૧૧ તોલા વજનનાં કુલ પોણા ત્રણ લાખની કિંમતના દાગીના લૂંટી લઈ આ સિરિયલ કિલર ફરાર થઈ ગયો હતો. આ ઘટના અંગે પોલીસને જાણ થતા અડાલજ સહિત લોકલ ક્રાઈમ બ્રાંચ, એસ.ઓ.જી સહિતની ગાંધીનગર પોલીસની ટીમો દોડતી થઇ ગઇ હતી. ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડા સહિત રેન્જ ડીઆઈજી મયંક ચાવડા પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. એફ.એસ.એલમાંથી સાયન્ટિફિક ઓફિસર જી.પી.દરબાર પણ તેમની ટીમ સાથે આ ગુનાની તપાસમાં વૈજ્ઞાનિક ઢબે મદદરૂપ થવા ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ગુનાની ગંભીરતા જોઈને અમદાવાદ ક્રાઈમબ્રાન્ચની ટીમો પણ ઘટના સ્થળે આવી પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. ગાંધીનગરમાં સક્રિય થયેલો આ સિરિયલ કિલર સાઈકો કિલર હોય તેવી શક્યતાઓને પણ નકારી શકાય તેમ નથી. અડાલજ પોલીસ મથકમાં આ મામલે ગુનો દાખલ કરીને ગાંધીનગર પોલીસ આ સિરિયલ કિલરને શોધી કાઢવા એડી ચોટીનું જોર લગાવી રહી છે.

ભલે પધાર્યા - રામકથા મેદાનમાં પ્રજાસત્તાક પર્વે ઉજવણીમાંથી પરત ફરતા નાયબ મુખ્યમંત્રી શ્રી નિતીનભાઈ પટેલે સેક્ટર-૧૧માં હૉટલ પ્રેસિડેન્ટની મુલાકાત લીધી હતી. હોટલના માલિક હરેન્દ્રસિંહ જાદવે નિતીનભાઈ અને મહેમાનોને ભાવપૂર્વક આવકાર્યા હતા.

ગુજરાત હાઇકોર્ટ ખાતે કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિએ રાષ્ટ્રધ્વજને સલામી આપી

ગુજરાત હાઈકોર્ટનાં પ્રાંગણમાં કાર્યકારી નામદાર મુખ્ય ન્યાયમૂર્તિ અનંત એસ. દવેએ ૭૦માં પ્રજાસત્તાક દિને રાષ્ટ્રધ્વજ લહેરાવી સલામી આપી હતી. ત્યારબાદ પ્રાંગણમાં ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે ગુજરાત હાઈકોર્ટના નામદાર ન્યાયમૂર્તિઓ, નિવૃત ન્યાયમૂર્તિઓ, એડવોકેટ જનરલ, એડીશનલ એડવોકેટ જનરલ, સરકારી વકીલ, ન્યાયિક અધિકારીઓ, વકીલો તેમજ કર્મચારીઓએ ઉપસ્થિત રહી રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.

અતિતની આજ ● યોથા પાનાનું ચાલું

વડા તરીકે અટલજી ફરી વડાપ્રધાન બન્યા.કોંગ્રેસને ૨૬.૧૪ ટકા મત મળ્યા,પરંતુ બેઠકો માત્ર ૧૪૧ મળી.અન્ય પ્રાદેશિક પક્ષોને ૧૦૧ બેઠકો મળી. બીજા વર્ષે લોકસભાની ચૂંટણી કરાવવાના સંજોગો નિર્માણ થતાં વર્ષ ૧૯૯૯ની ચૂંટણીમાં પણ ભાજપને ૨૩.૭૫ ટકા મત સાથે ૧૮૨ બેઠકો મળી.અન્યોને ૧૫૮ બેઠકો મળી. કોંગ્રેસને ૨૮.૩૦ ટકા મત છતાં ૧૧૪ બેઠકો મળી.વાજપેયી મે ૨૦૦૪ સુધી વડાપ્રધાન રહ્યા અને ૨૦૦૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપનો પરાજય થયા છતાં વાજપેયી પોતાની અમીટ છાપ છોડી ગયા.વર્ષ ૨૦૦૪ની ચૂંટણીમાં ભાજપને ૨૨.૧૬ ટકા મત સાથે ૧૩૮ બેઠકો મળી. કોંગ્રેસને ૨૬.૭૦ ટકા મત સાથે ૧૪૯ બેઠકો મળી હોવા છતાં સોનિયા ગાંધીના વડપણવાળા મોરચામાં સભ્યસંખ્યા વધુ હતી એટલે ખાસ્સા નાટકીય વળાંક પછી સોનિયા ગાંધીને બદલે એમની પસંદગીના ડૉ.મનમોહન સિંહ વડાપ્રધાનપદે આવ્યા. પ્રાદેશિક પક્ષોને ૧૫૯ બેઠકો મળી હતી. બબ્બે મુદત માટે ડૉ.સિંહ વડાપ્રધાન રહ્યા..વર્ષ ૨૦૦૯ની ચૂંટણીમાં કોંગ્રેસને ૨૮.૫૫ ટકા મત સાથે ૨૦૬ બેઠકો મળી,જયારે ભાજપને ૧૮.૬૮ ટકા મત સાથે ૧૧૬ તેમ જ પ્રાદેશિક પક્ષોને ૧૪૬ બેઠકો મળી.યુપીએ-૨માં જે કારનામાં પ્રાદેશિક મિત્રપક્ષોએ કર્યાં એના પ્રતાપે કોંગ્રેસ ખૂબ બદનામ થઈ અને મે ૨૦૧૪માં ભારે ગાજવીજ સાથે ભાજપના નેતા નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા.જોકે તેમના પક્ષ ભાજપને માત્ર ૩૧.૩૪ ટકા મત સાથે ૨૮૨ બેઠકો મળી.કોંગ્રેસને ૧૯.૫૨ ટકા મત સાથે માત્ર ૪૪ બેઠકો મળી, જે વિપક્ષના નેતાપદ માટે પણ જરૂરી ૧૦ ટકા બેઠકો એટલે કે ૫૫ સામે અપૂરતી ગણાય. કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગેને લોકસભામાં વિપક્ષના નેતાનું પદ મળ્યું નથી.જયારે રાજ્યસભામાં વિપક્ષના નેતાનું પદ કોંગ્રેસના ગુલામનબી આઝાદ પાસે છે.જોકે રાજ્યસભામાં ભાજપ અને મિત્ર પક્ષોની બહુમતી નથી. હવે પ્રાદેશિક પક્ષોના વધતા પ્રભાવને ભારતીય લોકશાહીની મજબૂરી ગણાવી શકાય.

haridesai@gmail.com

સન્માનિત કરાયા ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતો. આ કાર્યક્રમમાં પોલીસ વિભાગમાં એલ.આઈ.બી.માં ફરજ બજાવતા પીએસઆઈ અજય અમૃતભાઈ દેસાઈને બંદોબસ્તમાં શ્રેષ્ઠ કામગીરી બદલ તથા એલસીબીમાં ફરજ બજાવતા હેડ કો. દિલીપસિંહ બળદેવજીને નાસતા ફરતા આરોપીની અટકાયતની કામગીરી બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. નાયબ મુખ્યમંત્રી નીતનભાઈ પટેલના હસ્તે બંને પોલીસ કર્મીઓને સન્માનપત્ર આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પોલીસ વડા મયુરસિંહ ચાવડા પણ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકો યોજાશે ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨૨મી ફેબ્રુઆરી જે સત્રનો અંતિમ દિવસ છે એ દિવસે બાકી રહેલા સરકારી વિધયેકો અને છેલ્લા દિવસનો પ્રસ્તાવ ચર્ચામાં આવશે.

આમ પાંચ દિવસના ટુંકા સત્રમાં પણ બે દિવસ બે બેઠકો યોજવાને લઈ કોંગ્રેસ વિરોધ કરશે તેમ મનાઈ રહ્યુ છે. આ ટુંકા સત્રમાં વિપક્ષે હજુ પોતાની રણનીતિ નક્કી કરી નથી પણ આગામી એકાદ-બે દિવસમાં તેને આખરી ઓપ અપાશે તેમ કોંગ્રેસના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

સુનાવણી ● અનુસંધાન પહેલાનું ચાલુ

વેળા ઉપસ્થિત રહેશે જેથી મામલાની સુનાવણી થશે નહીં. જસ્ટિલ યુયુ લલિત મામલાની સુનાવણીથી ખસી ગયા બાદ નવી બેંચની રચના કરવામાં આવી હતી અને સુનાવણીની તારીખ ૨૯મી નક્કી કરી હતી પરંતુ હવે આ તારીખ પણ રદ કરી દેવામાં આવી છે. હવે નવી તારીખ પસંદ કરવામાં આવશે. અગાઉ સુપ્રીમ કોર્ટે પાંચ જજની બંધારણીય બેંચની રચના કરી હતી. સાથે સાથે સુનાવણી ૧૦મી જાન્યુઆરીના દિવસથી હાથ ધરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જો કે સુનાવણી ટળી ગઈ હતી. તે પહેલા વર્ષો જુના અયોધ્યા વિવાદ કેસના મામલામાં સુનાવણી સુપ્રીમ કોર્ટે ૨૯મી ઓક્ટોબરના દિવસે જાન્યુઆરીના પ્રથમ સપ્તાહ સુધી ટાળી દીધી હતી.